{ધોરણ:- ૮}

Page No.
Date :

## વિષય:- સંસ્કૃત

### અસાઈનમેન્ટ

પ્ર-૩(B) નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં લખો:

૧ પુત્રીની ઊંઘમાં ખલેલ ન પહોંચે તે માટે માતા કાગડાને શું કહે છે?

→ પુત્રીની ઊંઘમાં ખલેલ ન પહોંચે તે માટે માતા કાગડાને કહે છે કે, 'તું કર્કશ અવાજે અપ્રિય રટણ ન કરીશ. કંટાળેલી, થાકેલી, લાડલી મારી પુત્રી ખરેખર સૂતી છે.'

૨ 'પુત્રી મમ ખલુ નિદ્રાતિ' કાવ્યમાં પુત્રી માટે કયા-કયા વિશેષણો પ્રયોજાયા છે?

→ 'પુત્રી મમ ખલુ નિદ્રાતિ' કાવ્યમાં પુત્રી માટે શ્રાન્તા, કલાન્તા, સ્નિગ્ધા, મુગ્ધા, ~~વિમલ~~ વિમલા, કુશલા, સુમનો-મૃદુલા, સુદતી, સુમુખી, શોભનગાત્રી વગેરે વિશેષણો પ્રયોજાયા છે.

૩ માતા બિલાડાને કેવો કહે છે?

→ માતા બિલાડાને 'લુચ્ચો ચોર' કહે છે.

૪ રમતમહોત્સવમાં કઈકઈ રમતો ચાલે છે?

→ રમતમહોત્સવમાં દોડ, ગોળાફેંક, કબડ્ડી, લાંબીકૂદ વગેરે રમતો ચાલે છે.

૫ વિવેકાનંદ શાળાના આચાર્ય કોના માટે અભિનંદન આપે છે?

→ વિવેકાનંદ શાળાના આચાર્ય રમત મહોત્સવમાં આવેલા સ્પર્ધકો માટે અભિનંદન આપે છે.

૬ રમતમહોત્સવનું આયોજન કોણે કર્યું છે?

→ રમતમહોત્સવનું આયોજન નવા નિયુક્ત થયેલા શિક્ષકે કર્યું છે.

Page No.
Date :

૭ ભુવનના સર્વાંગી વિકાસ માટે શું મહદરૂપ થાય છે?
→ ભુવનના સર્વાંગી વિકાસ માટે રમત મહદરૂપ થાય છે.

૮ સમુદ્ર અને ચંદ્રમા કઈ રીતે વધે-ઘટે છે?
→ ભરતી સમયે સમુદ્ર વધે છે અને ઓટનાં સમયે ઘટે છે.
ચંદ્રમા શુક્લપક્ષમાં (સુદમાં) વધે છે અને કૃષ્ણપક્ષ (વદમાં) ઘટે છે.

૯ બળદ પર કોણે સવારી કરી છે?
→ બળદ પર ભગવાન શંકરે સવારી કરી છે.

૧૦ કોનું ધામ દુર્લભ છે?
→ વિષ્ણુનું ધામ દુર્લભ છે.

૧૧ શું ભણવાથી પંડિત કહેવાશે?
→ પગ વગરનો હોવા છતાં જે દૂર સુધી જાય છે. જે પોતે સાક્ષર છે છતાં પંડિત નથી. મુખ ન હોવા છતાં સ્પષ્ટ બોલે છે. આને જે ભણે છે તે પંડિત કહેવાશે.

૧૨ ચંદ્રગુપ્તના દરબારમાં ચાણક્ય કયા પદ પર હતા?
→ ચંદ્રગુપ્તના દરબારમાં ચાણક્ય મંત્રીનાં પદ પર હતાં.

૧૩ ચાણક્ય ચંદ્રગુપ્તને શું કહે છે?
→ ચાણક્ય ચંદ્રગુપ્તને કહે છે, 'અત્યારે હું કામળા મારા ઘરે લઈ જાઉં છું. સવારમાં વહેંચીશ.'

૧૪ પ્રણેય ચોરને કયું રહસ્ય જાણવાની ઈચ્છા થઈ?
→ શિયાળાની ઠંડીમાં કામળાઓ પાસે હોવા છતાં ચાણક્ય તેનો ઉપયોગ ન કરીને નીચે જમીન પર સૂતાં છે. - પ્રણેય ચોરને આ રહસ્ય જાણવાની ઈચ્છા થઈ.

૧૫ ચાણક્યના ઘરમાં શું - શું છે?
→ ચાણક્યના ઘરમાં તેલનો દીવો, આસન, પુસ્તકો, દરિદ્રોને વહેંચવા માટેનાં કામળા છે.

૧૬ સૂર્યોદય થતાં ભ્રમર કેવો બને છે?
→ સૂર્યોદય થતાં ભ્રમર ધીરજવાળો બને છે.

૧૭ ઊંઘ અને આળસ દૂર થતાં મનુષ્યો શું કરે છે?
→ ઊંઘ અને આળસ દૂર થતાં મનુષ્યો પોતાનાં કાર્યમાં જોડાય છે.

૧૮ સવારનો પવન કેવો હોય છે?
→ સવારનો પવન ધીમો, શીતળ, ઠંડો હોય છે.

૧૯ વિધાનસભાના અધિવેશનો ક્યાં થાય છે?
→ વિધાનસભાના અધિવેશનો સચિવાલયમાં થાય છે.

૨૦ ગાંધીનગરમાં જોવાલાયક સ્થળો ક્યાં ક્યાં છે?
→ ગાંધીનગરમાં જોવાલાયક સ્થળો સચિવાલય, મહાત્મામંદિર, અક્ષરધામ, ઇન્દ્રોડા પક્ષી ઉદ્યાન વગેરે છે.

૨૧ અક્ષરધામ મંદિરમાં શું - શું જોવા મળે છે?
→ અક્ષરધામ મંદિરમાં પ્રદર્શન વિભાગમાં ચલચિત્ર, વિશાળ બગીચો, અધ્યાત્મ - વિજ્ઞાનનો સંગમ જોવા મળે છે.

૨૨ વિદ્યાભવન નામનું વિશાળ ભવન ક્યાં આવેલું છે?
→ વિદ્યાભવન નામનું વિશાળ ભવન ગાંધીમંદિરથી બહુ દૂર નહીં એટલે કે નજીકમાં જ આવેલ છે.

૨૩ ધન અને વિદ્યા ક્યારે ઉપયોગી થતાં નથી?
→ પારકાના હાથમાં ગયેલું ધન અને પુસ્તકમાં રહેલી વિદ્યા જરૂર પડે ત્યારે ઉપયોગી થતાં નથી.

Page No.
Date :

૨૪ કેવું વૃક્ષ શોભે છે?
→ ફળોથી ભરપૂર વૃક્ષ શોભે છે.

૨૫ ચંદન ક્યારે સુગંધ આપે છે?
→ ચંદન વારંવાર ઘસાય છે ત્યારે સુગંધ આપે છે.

૨૬ સજ્જનોના સ્વભાવની વિશેષતા શું છે?
→ સજ્જનોના સ્વભાવની વિશેષતા – "પ્રાણાન્તે પણ તેમના સ્વભાવમાં વિકાર ઉત્પન્ન થતો નથી."

૨૭ માત્રાવાલા ક્યાં રહેતો હતો?
→ માત્રાવાલા સૌરાષ્ટ્ર પ્રદેશમાં સત્તાધાર ગામની પાસે મોટી મૌણપરી ગામમાં રહેતો હતો.

૨૮ સિંહ શા માટે દુઃખી થઈ જાય છે?
→ નદીના પાણીમાં રહેલો મગર સિંહની પત્નીનો વધ કરે છે. સિંહણને બચાવવાનો સિંહનો પ્રયત્ન નિષ્ફળ જાય છે. આથી સિંહ દુઃખી થઈ જાય છે.

૨૯ માત્રાવાલાના નિધન સમયે સિંહ શું કરે છે?
→ માત્રાવાલાના નિધન સમયે દુઃખી થયેલો સિંહ તેની સ્મશાનયાત્રામાં જાય છે અને ત્યાંથી સીધો વનમાં જતો રહે છે.

૩૦ માત્રાવાલા પ્રત્યેનું ઋણ સિંહ કઈ રીતે ચૂકવે છે?
→ માત્રાવાલા પ્રત્યેનું ઋણ સિંહ તેના ઘર અને ખેતરનું રક્ષણ કરીને ચૂકવે છે.